કોક આવીને મદદ કરશે એવી આશામાં પરિશ્રમનો ત્યાગ ન કરવો, વાદળા ને આવતા જોઇ ઘડો ફોડી નાખવો એ હોંશિયારી નથી
- જાપાની કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૫૧ | ૨ મે, ૨૦૧૪, શુક્રવાર; વૈશાખ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મતદાનમાં ત્રણ દાયકાનો વિક્રમ તૂટ્યો

## ગાંધીનગરની લોકસભા બેઠક પર છેલ્લા ત્રીસ વર્ષમાં સૌથી વધુ મતદાન નોંધાયું : ઘાટલોડીયા વિસ્તારનું સૌથી વધુ ૬૯.૯૪ ટકા જ્યારે ગાંધીનગર ઉત્તરમાં સૌથી ઓછુ ૬૨.૭૧ ટકા

ગાંધીનગર, તા. ૧

લોકસભાની ચૂંટણીમાં આ વખતે સમગ્ર રાજ્યમાં ભારે મતદાન થયું છે. ગાંધીનગર લોકસભાની હાઈપ્રોફાઈલ બેઠકને અનુલક્ષીને પણ મતદાને ત્રણ દાયકાનો રેકર્ડ બ્રેક કર્યો છે. ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ ૭ વિધાનસભાની મત વિસ્તારો પૈકી ઘાટલોડીયા વિસ્તારમાં સૌથી વધુ ૬૯.૯૪ ટકા મતદાન થયું છે. જ્યારે સૌથી ઓછુ ગાંધીનગર ઉત્તરની બેઠક પર નોંધાયું છે. ગાંધીનગર ઉત્તરમાં ૬૨.૭૧ ટકા મતદાન થયું છે. ગાંધીનગર બેઠક પરથી કુલ ૧૭,૩૩૦૭૬ પૈકી ૧૧,૨૮૨૯૫ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૬૫.૧૦ ટકા જેટલુ વિક્રમી મતદાન થયું છે.

લોકસભાની ચૂંટણીને અનુલક્ષી ગઈકાલે મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ગરમીના આકરા મિજાજ વચ્ચે પણ મતદારોએ મતદાન માટે અનોખો ઉત્સાહ દાખવ્યો હતો. મતદાન કેન્દ્રો પર સવારથી જ મતદારોની કતાર લાગી હતી. જેના પરિણામે રાજ્યની તમામ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

### ક્યા કેટલું તાપમાન

| શહેર | મહત્તમ તાપમાન |
|---|---|
| અમદાવાદ | ૪૨.૫ |
| ડિસા | ૪૧.૫ |
| ગાંધીનગર | ૪૨.૨ |
| ઈડર | ૪૨.૨ |
| વડોદરા | ૪૧.૪ |
| સુરત | ૩૭.૨ |
| રાજકોટ | ૪૨.૪ |
| અમરેલી | ૪૪ |
| સુરેન્દ્રનગર | ૪૨.૩ |
| પોરબંદર | ૩૪.૬ |
| દિવ | ૩૪.૨ |
| ભુજ | ૪૦.૪ |

# ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ યથાવત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં સતત પાંચમા દિવસે ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ૪૨ થી ૪૩ ડિગ્રીની આસપાસ તાપમાન રહેતા વસાહતીઓ હેરાનગતિ ભોગવી રહ્યા છે.

આકરો ઉનાળો અકળાવી રહ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. ગુરુવારે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિ.સે. રહ્યુંહતું. જે ગઈકાલ કરતા એકાદ ડિગ્રી ઓછુ રહેતા થોડીક રાહત રહી હતી. જો કે હજુ ઘણુ ઉંચુ રહેતા વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. મતદાન પછીના દિવસે ગુરુવારે સરકારી કચેરીઓમાં પરશુરામ જયંતિની રજા હોઈ કર્મચારીઓએ ઘરે રહી રજાનો આનંદ માણ્યો હતો. આકરી ગરમીના કારણે એમ પણ બહાર નીકળી શકાય એમ ન હોવાથી માર્ગોઅને બજારો સુમસામ રહ્યા હતા. લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિ.સે. અને ભેજનુંપ્રમાણ સવારે ૪૭ ટકા અને સાંજે ૧૩ ટકા રહ્યું હતું.

ગુજરાતમાં કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. તાપમાન સતત વધારો થઈ રહ્યો છે. આજે અમરેલીમાં પારો ૪૪ ઉપર પહોંચી ગયો હતો. જ્યારે અમદાવાદમાં પણ પારો ૪૨.૫ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. તાપમાનમાં હજુ પણ વધારો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજ્યમાં કોઈપણ પ્રકારની હિટવેવની ચેતવણી જારી ન થતાં તંત્રએ કેટલાક અંશે રાહત અનુભવી છે. પરંતુ હાલમાં બહારની કોઈપણ ચીજવસ્તુઓ ખાવાથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, અમદાવાદમાં આવતીકાલે ૪૨ ડિગ્રીની આસપાસ તાપમાન રહી છે. પાટનગર ગાંધીનગરમાં ૪૨.૨, ઈડરમાં ૪૨.૨, સુરેન્દ્રનગરમાં ૪૨.૩ અને કંડલા એરપોર્ટ પર ૪૧.૨ ડિગ્રી તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગનું કહેવું છે કે, પશ્ચિમથી ઉત્તરપશ્ચિમના પવનો નીચલી સપાટી ઉપર હાલમાં ફુંકાઈ રહ્યા છે. બપોરના ગાળામાં મોટાભાગે રસ્તાઓ સુમસામ દેખાઈ રહ્યા છે. તીવ્ર તાપની અસર બપોરના ગાળામાં જોવા મળી રહી છે. જેના પરિણામ સ્વરુપે જુદા જુદા રોગના કેસોમાં ચિંતાજનકરીતે વધારો થયો છે. ખાસ કરીને પ્રદૂષિત પાણી અને પ્રદૂષિત વાતાવરણની અસર જોવા મળી રહી છે. પ્રદૂષિત પાણીના કારણે મોટાભાગના રોગો સપાટી ઉપર આવ્યા છે. હાલમાં ખાનગી હોસ્પિટલોમાં લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે.



ઘોડા છૂટ્યા પછી તબેલાને તાળા મારવાની વાત - દર વખતે ક્યાંય પણ બોમ્બ બ્લાસ્ટ થાય એટલે દેશભરમાં એલર્ટ અથવા રેડ અલર્ટ જાહેર કરાય છે... કોઈ ધાર્મિક સ્થળ પર ઘટના બની હોય તો દેશના તમામ ધાર્મિક સ્થળો પર સઘન ચેકીંગ આરંભાઈ જાય છે... તેમ કોઈ રેલવે સ્ટેશન કે બસ સ્ટેશન પર ઘટના બને તો દેશના તમામ રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશનનો પર સઘન ચેકિંગ કરવામાં આવે છે.... ચેન્નાઈમાં રેલવે સ્ટેશન ઉપર બે બ્લાસ્ટ થયા બાદ દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. અમદાવાદ સ્ટેશન ઉપર પણ સુરક્ષા જવાનોએ ટ્રેનોમાં ચકાસણી હાથ ધરી હતી. આમ વિવિધ શહેરમાં એલર્ટ જાહેર કરી ઘોડા છૂટ્યા પછી તબેલાને તાળા મારવા જેવી વાત બની જાય છે.....

# ચેન્નાઈ બોમ્બ બ્લાસ્ટને પગલે ગાંધીનગરમાં એલર્ટ

## પ્રવેશદ્વારો પર વાહન ચેકિંગ કરી પોલીસનું રેલ્વે સ્ટેશનમાં સર્ચ ગેસ્ટ હાઉસમાં પણ ચકાસણી કરાઈ : કાલુપુર રેલવે સ્ટેશન અનો મણિનગર રેલવે સ્ટેશન ઉપર વિશેષ સુરક્ષા

ગાંધીનગર,તા.૧

બેંગલોર-ગોવાહાટી એક્ષપ્રેસમાં ટ્રેનના ડબ્બામાં આજે થયેલા બોમ્બ બ્લાસ્ટને પગલે રાજયભરની પોલીસને એલર્ટ કરી દેવામાં આવી છે. ગાંધીનગર પોલીસે એલર્ટને પગલે શહેરના તમામ પ્રવેશદ્વારો પર વાહન ચેકિંગ શરુ કરી દીધું હતું. તે ઉપરાંત ગાંધીનગરના રેલ્વે સ્ટેશનમાં પણ પોલીસે ચકાસણી હાથ ધરી હતી. જીલ્લા પોલીસને શંકાસ્પદ બાબત જણાય તે તાત્કાલિક તપાસ કરવા પણ સુચના આપી દેવામાં આવી હતી. ગાંધીનગર એસ.ઓ.જી અને એલ.સી.બી ની ટીમે જીલ્લાના ગેસ્ટ હાઉસો પણ સુરક્ષા અને સલામતીના ભાગરૂપે ચેકિંગ કર્યુ હતું.

ચેન્નાઈમાં રેલવે સ્ટેશન પર બે બ્લાસ્ટ થયા બાદ દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા વધારવામાંઆવી હતી જેના ભાગરુપે અમદાવાદમાં પણ હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ભૂતકાળમાં અમદાવાદને ટાર્ગેટ બનાવી બ્લાસ્ટ કરાયા છે જેના કારણે સાવચેતીના તમામ પગલા લેવાયા છે. વિમાની મથકે પણ સુરક્ષા વ્યવસ્થા વધુ કઠોર કરાઈ છે. તમિલનાડુ રાજયના પાટનગર ચેન્નાઈના સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન પર થયેલા બે બોમ્બ બ્લાસ્ટને પગલે અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં એલર્ટ જારી કરાયું છે તેમજ શહેરના સંવેદનશીલ વિસ્તાર તેમજ રેલ્વે સ્ટેશન સહિતના કેટલાય વિસ્તારોમાં સઘન ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

આ સઘન ચેકિંગમાં ડોગ સ્કોવર્ડ તેમજ બોમ્બ સ્કવોર્ડની પણ મદદ લેવાઈ છે. કાલુપુર રેલ્વે સ્ટેશન તેમજ મણીનગર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ તેમજ તમમ ટ્રેનોમાં તપાસ હાથ ધરાઈ હતી તેમજ આ એલર્ટના પગલે મોટા શહેરો અમદાવાદ, સુરત, વડોદરાના રેલ્વે સ્ટેશન નપર કડક સુરક્ષા વધારી દેવાઈ છે.

અમદાવાદ શહેરના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એવા સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પણ કડક સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

# જીલ્લાની પાંચ બેઠકો પૈકી કલોલમાં સૌથી વધુ મતદાન થયું

## કલોલમાં ૬૪.૩૧ ટકા અને સૌથી ઓછુ દહેગામમાં ૫૫.૦૩ ટકા મતદાન નોંધાયુ

ગાંધીનગર,તા.૧

લોકસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર બેઠક પર આ વખતે મતદાન ની ટકાવારી ઘણી ઉંચી રહેવા પામી છે.જયારે ગાંધીનગર જીલ્લાના વિવિધ પાંચ વિધાનસભા મતવિસ્તાર પૈકી કલોલમાં સૌથી વધુ ૬૪.૩૧ ટકા મતદાન થયું છે.જયારે સૌથી ઓછુ મતદાન દહેગામમાં ૫૫.૦૩ ટકા નોંધાયું છે.

લોકસભાની ચુંટણીમાં આ વખતે મતદારોમાં વિશેષ જાગરુકતા જોવા મળી છે.મતદાનના દિવસે વહેલી સવારથી જ સ્વયંભુ ઉમટી પડેલા મતદારોની મતદાન બુથો પર કતાર જોવા મળી હતી.જેના પરિણામે આકરી ગરમીમાં પણ વિક્રમી મતદાન થયું છે.ગાંધીનગર જીલ્લાના પાંચ વિધાનસભા વિસ્તારની વાત કરીએ તો માણસા, કલોલ, દહેગામ, ગાંધીનગર ઉત્તર અને દક્ષિણમાં પણ મતદાનની ટકાવારી ઘણી ઉંચી આવી છે.જો કે આ પાંચેય વિસ્તાર પૈકી કલોલ વિધાનસભા વિસ્તારમાં સૌથી વધુ ૬૪.૩૧ ટકા મતદાન થયું છે.જયારે સૌથી ઓછુ દહેગામ ૫૫.૦૩ ટકા મતદાન નોંધાયું છે.આ ઉપરાંત ગાંધીનગર ઉત્તરમાં ૬૨.૭૧ ટકા અને ગાંધીનગર દક્ષિણમાં ૫૯.૨૩ ટકા મતદાન થયું છે.આમ લોકસભાની ચુંટણીને લઈ ગાંધીનગર જિલ્લાને સ્પર્શતા આ પાંચેય વિસ્તારમાં મતદાન -માણમાં ઘણું ચું થયું છે.પરંતુ કલોલમાં બમ્પર મતદાન નોંધાયું છે.




## NEWS બિટ્સ

### વારાણસીમાં જેડીયુ કેજરીવાલનું સમર્થન કરશે

વારાણસીમાં ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર



મોદી અને આપના અરવિંદ કેજરીવાલનો સીધો મુકાબલો છે. નરેન્દ્ર મોદી મુદ્દે એનડીએમાંથી છેડો ફાડનાર જેડીયુ હવે વારાણસીમાં કેજરીવાલનું સમર્થન કરશે. જેડીયુના નેતાઓ વારાણસી જઈ કેજરીવાલના ચુંટણી પ્રચારનું કામ સંભાળશે. અહીં છેલ્લા તબક્કામાં એટલે કે ૧૨મી મે ના રોજ ચુંટણી થશે.

### અભિનેતા સંજય દત્તના જીવન પર ફિલ્મ બનશે

સુનિલ દત્ત અને નરગિસ



દત્તના પુત્ર અભિનેતા સંજય દત્તાનું જીવન ઘણું ચઢાવ ઉતારવાળું રહ્યું છે હાલમાં પૂણેની જેલમાં સજા ભોગવી રહેલા સંજય દત્તના જીવન પરથી ફિલ્મ બનાવવાનું કામ ખુદ સંજય દત્તની કંપની કરશે જયારે ફિલ્મનું ડિરેકશન રાજકુમાર હિરાણી કરશે. સંજુબાબાની લાઈફ પર બનનારી આ ફિલ્મમાં એક નહીં પરંતુ પાંચ હિરોઈન હશે. જેમાંથી ત્રણ સંજય દત્તની પત્નિ અને બે સંજુબાબાની પ્રેમિકાનો રોલ નિભાવશે.

### ટવીટર પર નરેન્દ્ર મોદી મોસ્ટ ટ્રેન્ડિંગ ઉમેદવાર

ટ્રેન્ડ સેટ કરનાર લોકસભા



ચુંટણીના ઉમેદવારોમાં નરેન્દ્ર મોદી પ્રથમ ક્રમાંકે રહ્યા છે. માઈક્રોબ્લોગિંગ સાઈટ ટવીટર પર તેઓ ટ્રેન્ડિંગ ઉમેદવારોની યાદીમાં પ્રથમ ક્રમાંકે છે જયારે આપના કન્વીનર અરવિંદ કેજરીવાલ બીજા અને રાહુલ ગાંધી ત્રીજા સ્થાને છે.

### નિતિશકુમારનો ચમત્કારિક બચાવ

જેડીયુના વરિષ્ઠ નેતા



નિતિશકુમારનો કાફલો હેલીકોપ્ટરમાં બિહારના સોનબરસા હેલીપેડ પરથી ચુંટણી પ્રચાર માટે બુધવારે ઉડાન ભરી રહ્યો હતો ત્યારે ખરાબ હવામાન વિલન બન્યું હતું. ખરાબ હવામાનના કારણે હેલીકોપ્ટર માંડ માંડ દુર્ઘટનાગ્રસ્ત થતા બચ્યું હતું.

### નરેન્દ્ર મોદી તિરૂપતિના દર્શને પહોંચ્યા

આંધ્રપ્રદેશમાં એક સાથે પાંચ ચુંટણી રેલીઓ સંબોધવા પૂર્વે ભાજપના મુખ્યમંત્રીપદના



દાવેદાર નરેન્દ્ર મોદી ગુરુવારે વહેલી સવારે જગવિખ્યાત તિરૂપતિ મંદિરના દર્શને પહોંચ્યા હતા. અહીં તેમની સાથે વૈંકયા નાયડુ હાજર રહ્યા હતા. કાર્યકરો અને સમર્થકો સાથે તેમમે ભાજપની જીત માટે અહીં પ્રાર્થના કરી હતી.